# અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ફટાકડાની દુકાનોનો રાફડો ફાટ્યો

## મોડાસા શહેરના માર્ગો પર મંડપ બાંધી ફટાકડાના ગેરકાયદેસર સ્ટોલની વણઝાર : સુરક્ષાના સાધનો જોવા મળ્યા નહી

અરવલ્લી, તા. ૨૮

દિપાવલી અને નૂતન વર્ષના બે દિવસ બાકી છે ત્યારે અરવલ્લી જિલ્લામાં પ્રજાજનો ફટાકડાની ધૂમ ખરીદી કરી રહ્યા છે. પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ મોડાસા શહેરના મુખ્ય બજાર, માલપુર રોડ, સહિત ઠેર ઠેર આડેધડ વેપારીઓએ મંડપ બાંધીને ફટાકડાના ગેરકાયદેસર સ્ટોલ ઉભા કરી દેતા સુરક્ષાના અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે. ફટાકડાના વેપારીઓ કે પછી સ્ટોલ ધારકો સપ્તાહના સમયમાં હજ્જારોથી લાખ્ખો કમાઈ લેતા હોવા છતાં દુકાનમાં કે સ્ટોલ પર અગ્નિશામક સાધનો ન રાખતા પ્રજાજનોના સુરક્ષા સામે અનેક પ્રશ્નો પેદા થયા છે.

અરવલ્લી જિલ્લા અને મુખ્ય મથક મોડાસા શહેરમાં વહીવટી તંત્રની મંજુરી વગર પ્રતિ વર્ષની માફક ચાલુ સાલે પણ દિપાવલી અને નૂતનવર્ષાના તહેવારો શરૂ થતાની સાથે જ જિલ્લાના બજારો સહિત મોડાસા શહેરના મુખ્ય બજાર, માલપુર રોડ, મેઘરજ રોડ, ડિપ વિસ્તાર, સોસાયટીની રહેણાંક વિસ્તારોમાં દુકાન ધરાવતા વેપારીઓ દ્વારા સુરક્ષાની પરિસ્થિતિની અવગણના કરી આડેધડ ફટાકડાનું વેચાણ તદ્‌ઉપરાંત સ્ટોલ ધારકો દ્વારા મંડપ બાંધી આડેધડ ફટાકાડનો વેપાર કરવામાં આવી રહ્યો છે.

મોડાસા નગર પાલિકાના ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ શહેરમાં ફક્ત ૧૦ વેપારીઓને ફટાકડા વેચવા માટે એનઓસી આપવામાં આવી છે. ત્યારે તેનાથી તદન ઉલટુ મોડાસાના બજારોમાં ૧૦૦થી વધુ ફટાકડાની દુકાનો અને સ્ટોલ જોવા મળી રહ્યા છે.

મોડાસાની મુખ્ય બજારમાં ખડકાયેલા ફટાકડાના સ્ટોલથી બજારમાં ખરીદી કરતા પ્રજાજનો અને વાહન ચાલકોને ટ્રાફિકનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લામાં આડેધડ ફટાકડાના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હોવાથી અને અગ્નિશામક સાધનો પણ વ્યવસ્થાના અભાવે ગંભીર દુર્ઘટનાનો ભય સતત સતાવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં વહીવટીતંત્રએ તાત્કાલિક અસરથી મોડાસા શહેર અને જિલ્લાના ફટાકડા બજારમાં ખડકાયેલા ગેરકાયદેસર ફટાકડાના સ્ટોલ બંધ કરાવી દેવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.



# અરવલ્લી જિલ્લામાં દિવ્યાંગ ખેલ મહાકુંભ યોજાયો

અરવલ્લી, તા. ૨૮

રાજ્યભરમાં દિવ્યાંગો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે ગુજરાત યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર ફીજીકલ હેન્ડીકેફ વેલ્ફર મંડળ દ્વારા અરવલ્લી જિલ્લામાં ખેલ-મહાકુંભ દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહન કરવા યોજાયો હતો. આ ખેલ મહાકુંભમાં કે.કે. શાહ આરોગ્ય મંડળના ચેરમેન ધીરૂભાઈ પટેલ, વા. ચેરમેન કોદરભાઈ પટેલ, જીવાભાઈ પરમાર, રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેશભાઈ જોષી, નવનીતભાઈ પરીખ, કોલેજ મંડળના પ્રમુખ ડૉ. અરૂણ શાહ, ડૉ. સંતોષ દેવકર, વિનોદભાઈ પટેલની હાજરીમાં અરવલ્લી જિલ્લાના ૨૯૮ દિવ્યાંગો ભાઈ બહેન દ્વારા બરછી ફેંક, ભાલાફેંક, સાયકલ રેસ જેવી વિવિધ રમતોમાં ભાગ લઈ પોતાનું કૌવત દાખવ્યુ હતુ. દિવ્યાંગ ખેલ મહાકુંભનું આયોજન વિનોદભાઈ પટેલ, પુષ્પાબેન પટેલ, મહેશભાઈ પરમાર, ગણેશ પ્રજાપતિ, પ્રકાશ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોએ સમગ્ર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરી શુભેચ્છા પાઠવી સમગ્ર કાર્યક્રમ બિરદાવ્યો હતો.



## ઉત્તર ગુજરાતના પૂર્વ સૈનિકો સૈનિક કલ્યાણ કેન્દ્રમાં માહિતી મોકલવા જોગ

મહેસાણા, તા. ૨૮

૩૬મી મેનેજીંગ કમિટી રાજ્ય સૈનિક બોર્ડ ગુજરાત રાજ્યની બેઠકમાં નક્કી થયા મુજબ પૂર્વ સૈનિક અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓ માટે નવી સ્કીમો બનાવવા તથા રોજગારી માટેની નવી તકો ઉભી કરવા માટે નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટની કચેરીમાં મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં વસતા પૂર્વ સૈનિકો અને સ્વ. પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓ તથા આશ્રિતો જેઓ ડિફેન્સ પેન્શન મેળવે છે.

આ તમામ પૂર્વ સૈનિકો અને તેમની ધર્મપત્નીઓ પેન્શન પ્રકાર, બેઝીક પેન્શન, ડી.એ. મેડીકલ ભથ્થુ, વન રેન્ક વન પેન્શનની એરીયર્સની રકમ સહિત પીપીઓની વિગતોનો સમાવેશ કરવામાં આવે છે. આ અંગેની માહિતી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, બહુમાળી ભવન, બ્લોક નં. ૨, ત્રીજો માળ, મહેસાણાને ૨૦ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવાની રહેશે તેમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ કચેરી જણાવાયું છે.

# તાના-રીરી મહોત્સવ તૈયારી સંદર્ભે વડનગર ખાતે બેઠક યોજાઈ

મહેસાણા, તા. ૨૮

તાના-રીરી મહોત્સવ સંદર્ભે વડનગર ખાતે અધિક કલેક્ટર રમેશ મેરજાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં તાના-રીરી મહોત્સવના સ્થળની સફાઈ, રંગરોગાનની કામગીરી, પાણીનો છંટકાવની કામગીરી, મોબાઈલ ટોઈલેટની વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, મંડપ સાઉન્ડ સીસ્ટમ, ડાયસ પ્લાન, ઓડીયન્સ માટે બેઠક વ્યવસ્થા સહિતની ચર્ચાઓ કરાઈ હતી.

આ ઉપરાંત મહાનુભાવો, આમંત્રીત કલાકારો, અધિકારીઓ, કર્મચારીઓ માટે ભોજનની વ્યવસ્થા અને પીવાના પાણીની વ્યવસ્થા પર ચર્ચા કરાઈ હતી. તાના-રીરી ગાર્ડન કાર્યક્રમના સ્થળે લાઈટ ડેકોરેશન, સ્ટેજ સુશોભન, શહેરના અન્ય પ્રસિદ્ધ સ્થળોની લાઈટીંગની વ્યવસ્થા પર ચર્ચા કરાઈ હતી.

કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પાર્કિંગની વ્યવસ્થા બાબતે વિવિધ સ્થળોની મુલાકાત કરી ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં વિવિધ સ્થળોએ લાગેલ હોર્ડિંગ સહિતની ચર્ચા ઉપરાંત વડનગર શહેરમાં હોર્ડિંગ્સ લગાવવા નગરપાલિકા અધિકારી વડનગરને સુચના આપી હતી.

તાના-રીરી મહોત્સવમાં નાગર બ્રાહ્મણોને આમંત્રિત કરવા સહિત તમામ માઈક્રો પ્લાનીંગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત તાના-રીરી મહોત્સવ દરમિયાન કાર્યક્રમ યોજાનાર છે તે સ્થળ તાના-રીરી સમાધિ, પીઠોરી દરવાજા, શર્મિષ્ઠા તળાવ, હાટકેશ્વર મહાદેવ મંદિરના સ્થળોની મુલાકાત અધિક કલેકટર સહિત જિલ્લાના અધિકારીઓ દ્વારા લેવામાં આવી હતી. બેઠકમાં જિલ્લાના પ્રાન્ત અધિકારીઓ, અગ્રણી સુનિલ મહેતા સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આર્ટસ કોલેજ શામળાજીનું ગૌરવ પીએચડી થયા

શામળાજી, તા. ૨૮

આર્ટસ કોલેજ શામળાજીના અંગ્રેજી વિભાગના એસોસિએટ પ્રોફેસર સમીર આર. પટેલે "Rep-



resentation of Parsis in the Fictional Works of Selected Indian English Parsi Writers" વિષય પર ડૉ. અશોક યાદવ-અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, આર્ટસ કોલેજ શામળાજીના માર્ગદર્શન હેઠળ થીસીસ રજુ કરી પેસિફિક યુનિ. ઉદેપુર ખાતેથી પીએચ.ડી.ની પદવી મેળવી આર્ટસ કોલેજ શામળાજીનું ગૌરવ વધારેલ છે. જે બદલ કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સીપાલ તથા સમગ્ર સ્ટાફે હૃદયપૂર્વક અભિનંદન પાઠવેલ છે.

# પ્રાંતિજમાં નગરપાલિકાના પૂર્વ પ્રમુખના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

## મકાનના તાળા તોડી એલઈડી ટીવી કપડાં સહિતની ચોરી કરી પલાયન

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંતીનાથ સોસાયટીમાં રાત્રીના સમયે બંધ મકાનના તાળા તોડી તસ્કરો એલઈડી ટીવી કપડાં સહિતની ચોરી કરી પલાયન થતા મકાન માલિક દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી.

પ્રાંતિજ શાંતીનાથ સોસાયટીમાં રહેતા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ પટેલ નૈમેષભાઈના બંધ મકાનમાં રાત્રીના સમયે તસ્કરોએ હાથફેરો કર્યો હતો જેમાં મુખ્ય દરવાજાના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી ઘરમાં રહેલ તિજોરી ડ્રેસિંગ કબાટ સહિતના તાળા તોડી સામાન અસ્તવ્યસ્ત કર્યો હતો અને ઘરમાંથી એલીડી ટીવી તથા કબાટમાં રહેલ સાડીઓ સહિતની ચોરી કરી પલાયન થતા પૂર્વ પ્રમુખ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## હવે એએમટીએસ ચેરમેન નિવાસસ્થાને દેખાવ કરાયા

૩૫ દિવસથી ચલાવવામાં આવી રહેલી કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરોની હડતાળ દરમ્યાન ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના નિવાસસ્થાનની આગળ ધરણા અને દેખાવનો કાર્યક્રમ યોજવામાં આવ્યા બાદ એએમટીએસ ચેરમેનના નિવાસસ્થાને હડતાળી કંડકટરો દ્વારા દેખાવ કરવામાં આવતા પોલીસ દ્વારા વગર પરવાનગીએ દેખાવ કરવામાં આવતા તેમની અટકાયત કરવામાં આવી છે. મ્યુ. ટ્રાન્સપોર્ટ સર્વિસ સાથે સંકળાયેલા ૧૨૯૦થી વધુ કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરો દ્વારા તેમને કાયમી કરવાની માંગણી સાથે શરૂ કરવામાં આવેલી હડતાળ આજે ૩૫મા દિવસમાં પ્રવેશી છે તેવા સમયે ગઈકાલે મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલના નિવાસસ્થાને દેખાવો યોજાયા હતા.

## કંપની સમાચાર

### દિવાળીના તહેવારોમાં ડૉક્ટર ઓન કોલની સેવા

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) અને અમદાવાદ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન (એએફપીએ) દ્વારા દર્દીઓ માટે ડૉક્ટર ઓન કોલની સેવા રજૂ કરવામાં આવી છે. આ સેવાઓ દર્દીઓ માટે આશિર્વાદરૂપ પુરવાર થાય છે.

દિવાળીના તહેવારોમાં મર્યાદિત ડૉક્ટરો ઉપલબ્ધ હોય છે. ડૉક્ટરોને પણ ખાસ જરૂરી એવું વેકેશન દિવાળીમાં જ લેવામાં આવતું હોય છે. આ ડૉક્ટરોની વણઉપલબ્ધિને લીધે દિવાળીના તહેવારોમાં દર્દીઓએ ઘણું ભોગવવું પડતું હોય છે. દર્દીઓને અગવડો ના પડે અને સમાજને મદદરૂપ થવાય તેવી ભાવનાથી એ.એમ.એ. અને એ.એફ.પી.એ. દ્વારા છેલ્લા ૬ વર્ષથી ડૉક્ટર ઓન કોલ દિવાળી સેવાનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે ડૉક્ટર ઓન કોલની સેવા દરમિયાન શહેરના અંદાજે ૧૦૦ ડૉક્ટરો જોડાયા હતા. જેઓને દિવાળીના તહેવારો દરમિયાન અંદાજે ૬૦૦થી વધારે કોલ આવ્યા હતા. એએમએ અને એએફપીએ દ્વારા દિવાળીની રજાઓમાં અમવાદમાં ઉપલબ્ધ ડૉક્ટરોની યાદી તૈયાર કરવામાં આવે છે તેમાં ફેમિલી ફિઝિશિયન્સ પ્રથમ રિસ્પોન્ડરો અને તમામ સ્પેશ્યાલિટીઓની યાદી તૈયાર કરવામાં આવે છે.

### વોડાફોન અમદાવાદ અને વડોદરામાં સુપરનેટ ™ 4G સર્વિસીઝ શરૂ કરી

#### ગ્રાહકો માટે વિવિધ વિશેષ ઓફર, ફક્ત રૂ. ૯૯૮માં ડબલ ડેટા-૨૦ જીબીની મજા માણો

ભારતની અગ્રણી ટેલીકમ્યુનિકેશન સર્વિસ પ્રોવાઈડર્સમાં સામેલ વોડાફોન ઈન્ડિયાએ ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ અને સાંસ્કૃતિક રાજધાની વડોદરામાં તેની વોડાફોન સુપરનેટ ™ 4G સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ સેવા સુરત, ગાંધીધામ, ભૂજ, રાજકોટ, મોરબી, ગાંધીનગર, દીવ, વાપી અને દમણમાં સફળતાપૂર્વક શરૂ થયા પછી અમદાવાદ અને વડોદરામાં શરૂ કરવામાં આવી છે. આગામી થોડા મહિનાઓમાં વોડાફોન 4G સેવા ગુજરાતમાં વધુ કેટલાંક શહેરોમાં શરૂ કરવામાં આવશે.અસરકારક 1800 મેગાહર્ટ્ઝ બેન્ડ પર નિર્મિત આ અત્યાધુનિક નેટવર્ક વોડાફોન સુપરનેટ ™ 4Gના ગ્રાહકોને વિવિધ સ્માર્ટ ઉપકરણો પર હાઈ સ્પીડ મોબાઈલ ઈન્ટરનેટ મેળવવા સક્ષમ બનાવશે, જેમાં માઈ-ફાઈ અને ડોંગલ્સ સામેલ છે. વોડાફોન 4G સેવાઓ 4G સક્ષમ હેન્ડસેટમાંથી મેળવી શકાશે, જે સમગ્ર દેશમાં અગ્રણી સ્માર્ટફોન ઉત્પાદકો દ્વારા ઓફર થાય છે. વોડાફોન સુપરનેટ ™ 4G ગ્રાહકો માટે મોબાઈલ ઈન્ટરનેટ અનુભવમાં નોંધપાત્ર રીતે વધારો કરશે, જેમાં ગ્રાહકો વીડિયોને ઝડપથી ડાઉનલોડ, અપલોડ કરવાની તથા સંગીત, સાતત્યપૂર્ણ વીડિયો, ચેટ્સની સુવિધા મેળવશે અને તેમની મનપસંદ એપ્સનો ઉપયોગ વધારે સફળતાપૂર્વક કરી શકશે.








